|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ક્રેશ કોર્ષ (૧ થી ૪)

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(30)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. કેસ વાણિજ્જે **રસ વણિજ્જે, વિસ વાણિજ્જે જંતપીલણકમ્મે નિલ્લંછણકમ્મે** દવગ્ગિદાવણયા

૨. ધમ્મસ્સ **આસાયણાએ સદેવ મણુય આસુરસ્સ લોગસ્સ આસાયણાએ સવ્વ પાણ ભૂય જીવ** સત્તાણં

૩. કાઉસ્સગ્ગં **જો મે દેવસિઓ અઈયારો કઓ** કાઈઓ

૪. મણામં **ધિજ્જં વિસાસિયં સમયં અણુમયં** બહુમયં

૫. કાઉસ્સગ્ગો **જાવ અરિહંતાણં ભગવંતાણં નમોક્કારેણં** ન પારેમિ

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

૧. સુહુમેહિં **સૂક્ષ્મપણે** **સામાયિકના ચોથા પાઠમાં**

૨. વઈક્કંતો **વ્યતીત થયો છે** **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં**

૩. તેનાહડે **ચોરાઉ વસ્તુ લીધી હોય** **ત્રીજા વ્રતમાં**

૪. કંખા **મિથ્યાત્વીના મતની ઈચ્છા કરવી** **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં**

૫. વાઈદ્ધં **સૂત્રો આઘા–પાછા ભણાયા હોય** **પ્રતિક્રમણના ચોથા પાઠમાં**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો. (૫)**

૧. પ્રકાશ કરનારા **પયાસયરા** ૨. સાચા જૈનમાર્ગ વિરુદ્ધ **ઉમ્મગ્ગો**

૩. સર્વ કાળ સંબંધી **સવ્વ કાલિયાએ** ૪. ચિંતન કરવા માટે **ચિંતવનાર્થં**

૫. મર્યાદા ઉપરાંત સચેત વસ્તુનો ઉપયોગ કર્યો હોય **સચિત્તાહારે**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. મનનો દશમો દોષ અર્થ સાથે લખો. **અબહુમાન દોષ : આદરભાવ રહિત સામાયિક કરવી.**

૨. દિશા પરિમાણ વ્રતનો વિષય લખો. **છયે દિશાની મર્યાદા નક્કી કરવી.**

૩. પ્રાણાતિપાત એટલે શું? **જીવોમાં રહેલા ૧૦ દ્રવ્ય પ્રાણમાંથી કોઇપણ પ્રાણનો અતિપાત એટલે નાશ કરવો.**

૪. નમસ્કાર મંત્રના સ્મરણથી કયા ગુણ પ્રગટે છે? **નમ્રતા, વિનય જેવા ગુણ પ્રગટે છે.**

૫. વંદના કરવાથી કયા કર્મનો ક્ષય અને કયા કર્મનો બંધ થાય છે? **ઉચ્ચગોત્ર કર્મ, નીચગોત્ર કર્મ.**

૬. શિષ્ય કયા શબ્દો દ્વારા આજ્ઞાની યાચના કરે છે?

**હે ગુરુદેવ! મને આપના અવગ્રહમાં આવવાની આજ્ઞા પ્રદાન કરો.**

૭. સુત્તાગમે એટલે શું? **સૂત્રરૂપ આગમ. આગમના મૂળ પાઠની વાંચના લેવી–દેવી, તેનો સ્વાધ્યાય કરવો.**

૮. લોગસ્સ સૂત્રનું બીજું નામ ચતુર્વિંશતિ સ્તવ શા માટે છે?

**લોગસ્સના પાઠમાં ૨૪ તીર્થંકરો ભગવંતોની સ્તુતિ છે, સ્તવના છે, નામ સ્મરણ છે માટે.**

૯. નમોથુણંનું આસન શેનું સૂચક છે? **અપ્રમત્તદશાનું.**

૧૦. કાયાનો ચોથા અને વચનનો બીજા દોષનું માત્ર નામ લખો. **સાવદ્યક્રિયા, સહસાકાર.**

(૪૫)

**પ્ર.૨ તત્ત્વ/સંસ્કાર વિભાગના આધારે**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. અંજલીકરણ એ શેની પ્રોસેસ છે? **ઈગોને ઝીરો કરવાની.**

૨. મોક્ષ ગતિ શું કરે છે? **જન્મ–મરણના ચક્રમાંથી મુક્તિ અપાવે છે.**

૩. લૌકિક પર્વ ઉજવવાથી કયા કર્મનો બંધ થાય છે? એક શબ્દમાં લખો. **અશાતા વેદનીય.**

૪. સાધુપણાનું પાલન કરવાથી શેની પ્રાપ્તિ થાય છે? એક શબ્દમાં લખો. **દેવાયુષ્ય.**

૫. જ્ઞાનવૃદ્ધિનો પાંચમો બોલ લખો. **મૌન રાખીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**

૬. પ્રભુ સાથે મિલન કોણ કરાવે છે? એક શબ્દમાં લખો. **માળા.**

૭. આહાર વિવેકથી પાચનશક્તિ કેવી બને છે? શરીરમાં શું રહે છે? બે શબ્દમાં લખો. **સક્રિય, સ્ફૂર્તિ.**

૮. ક્રિયાવાદી અને અક્રિયાવાદીના ભેદ માત્ર આંકડામાં લખો. **૧૮૦, ૮૪.**

૯. બાદર અગ્નિ ક્યાં છે? એક શબ્દમાં લખો. **અઢીદ્વીપમાં.**

૧૦. પાંચમી અને સાતમી નરકના નામ લખો. **રિષ્ટા, માઘવતી.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૮)**

૧. ભવનપતિના ...... નાનામાં નાના ...... પ્રમાણ છે. **ભવનો, જંબૂદ્વીપ**

૨. જ્ઞાન અને દર્શનમાં ...... ની પ્રવૃત્તિને ...... કહે છે. **આત્મા, ઉપયોગ**

૩. વાઉકાયનું સંસ્થાન ...... જેવું છે. માખીનું આયુષ્ય ...... છે. **ધજાપતાકા, છ મહિના**

૪. આત્માનો ગુણ ...... અને ...... પામવાનો છે. **સંકોચન, વિસ્તાર**

૫. જેવું અન્ન તેવું ..... **મન**

૬. પુણ્ય કરવાથી ...... અને ...... માં જન્મ થાય છે. **મનુષ્ય, દેવગતિ**

૭. ઉપકારીના ...... માનવાથી ...... બની શકાય છે. **ઉપકાર, અહંશૂન્ય**

૮. તપ કરવાથી ...... કર્મ દૂર થાય છે. **અંતરાય**

૯. બટેટાના એક ...... માં ...... આત્મા હોય છે. **શરીર, અનંત**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૮)**

૧. જીવદયા પાળવાથી દર્શનાવરણીય કર્મ દૂર થાય છે. **સાચું.**

૨. હોળી એ લોકોત્તર પર્વ છે. **ખોટું. હોળી એ લૌકિક પર્વ છે.**

૩. વર્તમાને આપણા ક્ષેત્રમાં તીર્થંકર પ્રભુ નથી. **સાચું.**

૪. શુક્લપક્ષી જીવો અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ પછી અવશ્ય મોક્ષે જાય છે. **ખોટું. અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં.**

૫. સંતોષ એ શરીરનો ગુણ છે. **ખોટું. સંતોષ એ આત્માનો ગુણ છે.**

૬. દમયંતી એ ૧૧ મા સતી છે. **ખોટું. દમયંતી એ દશમા સતી છે.**

૭. વડીલોના હાથમાં વિશેષ શક્તિ રહેલી છે. **ખોટું. ધર્મના હાથમાં વિશેષ શક્તિ રહેલી છે.**

૮. પદાર્થોના સમૂહને નય કહે છે. **ખોટું. પદાર્થના સમૂહને રાશિ કહે છે.**

**(૪) જોડકા જોડો.** **(૫)**

| **(અ)** | **(બ)** | **જવાબ** |
|---|---|---|
| ૧. આશ્રવ | ૧. રાશિ | **૫. તત્ત્વ** |
| ૨. જીવ | ૨. પાણી | **૧. રાશિ** |
| ૩. ભાવ | ૩. સમય | **૪. નિક્ષેપ** |
| ૪. અપ્કાય | ૪. નિક્ષેપ | **૨. પાણી** |
| ૫. કાળ | ૫. તત્ત્વ | **૩. સમય** |

**(૫) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૮)**

૧. પક્ષ કયા છે? **શુક્લ પક્ષ, કૃષ્ણ પક્ષ**

૨. આઠમા વિહરમાન તીર્થંકર અને નવમા શ્રાવકના નામ લખો. **અનંતવીર્ય, નંદિનીપિયા**

૩. તેઉકાયના કુળ અને દેવની જઘન્ય સ્થિતિ કેટલી છે? **૩ લાખ ક્રોડ, ૧૦૦૦૦ વર્ષ**

૪. ભવનપતિ અને વિકલેન્દ્રિયના દંડક કેટલા છે? **૧૦, ૩**

૫. પાંચમો અને નવમો રસ લખો. **રૌદ્ર, શાંત**

૬. કાયાના યોગ અને ઈન્દ્રિયના પ્રાણ કેટલા છે? **સાત, પાંચ**

૭. છ દ્રવ્યના બોલ કેટલા અને સાતમો બોલ કયો છે? **ત્રીસ, શરીર**

૮. સંમૂ. મનુ. અને ગર્ભજ મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ લખો. **અંતર્મુહૂર્ત, ૩ પલ્ય**

**(૬) વ્યાખ્યા લખો.** **(૬)**

૧. ઉરપરિ સર્પ : **જે હૈયાભેર ચાલે, પેટે ચાલે.**

૨. દૃષ્ટિ : **તત્ત્વ વિચારણાની પદ્ધતિ.**

૩. આરાધક : **તીર્થંકરની આજ્ઞાનુસાર શ્રાવકધર્મ કે સાધુધર્મનું યથાર્થ પાલન કરે.**

૪. અંતરાય કર્મ : **વસ્તુ અને તેની પ્રાપ્તિ વચ્ચે જે અંતર પડે કે કોઈ વિઘ્ન આવે.**

૫. માનસિક પર્યુપાસના : **અત્યંત ધર્માનુરાગથી અનુરક્ત બનવું.**

૬. સમવાય : **જેના સમન્વયથી કાર્ય થાય.**

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ધર્મની દૃષ્ટિએ અપરિગ્રહ એટલે શું?

**જેટલી આપણને જરૂર છે એટલું જ આપણી પાસે રાખી, બાકીનું અન્ય જીવો માટે ત્યાગ કરી દઈએ.**

૨. સમાજ વિજ્ઞાન પરિવાર માટે શું કહે છે કે એકબીજાનો વિચાર કરનાર પરિવાર શું પામે છે?

**સુખ, શાંતિ, સમૃદ્ધિ.**

૩. ધર્મ સર્વ સુખનો વિચાર કઈ રીતે કરે છે? **ધર્મ ક્ષમા, મૈત્રી આદિ દ્વારા સ્વ-પરનું કલ્યાણ કરીને કરે છે.**

૪. પૃથ્વીકાયમાં જીવત્વની સિદ્ધિ માટે ધર્મ શું કહે છે?

**જુવારના દાણા જેટલી પૃથ્વીમાં અસંખ્યાતા જીવ છે. તે પ્રત્યેક જીવ આપણી સમાન છે.**

૫. આપણું જીવન કેવું હોવું જોઈએ? **દ્રવ્ય અને ભાવથી અહિંસામય હોવું જોઈએ.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. ગજસુકુમાર નામ કેવી રીતે પડ્યું? **ગજસુકુમારનું શરીર હાથીના તાળવા જેવું સુકોમળ હતું.**

૨. કમઠ કેવો હતો? તેના માથે અને અંગે શું હતું? **મિથ્યાધર્મી, જટા ધારેલી હતી, રાખ ચોળેલી હતી.**

૩. શ્રી કૃષ્ણે નેમકુમારના લગ્ન કોની સાથે નક્કી કર્યા? **ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતી સાથે.**

૪. પ્રભુનો સાચા વારસદાર કોણ કહેવાય છે?

**ગમે તેવી પરિસ્થિતિમાં જે પોતાના ભાવને શુદ્ધ અને શાંત રાખે છે.**

૫. હેલ્પફુલ હેન્ડનો બોધ લખો. **આપણે પણ આપણી શક્તિ અનુસાર જેને જરૂર હશે તેને મદદ કરશું.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૫)**

૧. અંદર સપરિવાર વિશાખાનંદી છે. **દ્વારપાળ વિશ્વભૂતિને કહે છે.**

૨. માંસભક્ષણ કરનારા જાનૈયા માટે તેમને અહીં લાવ્યા છે. **સારથી નેમકુમારને કહે છે.**

૩. તમે આખી નગરીમાંથી સારો માણસ શોધીને લાવો. **કૃષ્ણ રાજા દુર્યોધનને કહે છે.**

૪. ભૂલેચૂકે પણ ભગવાનની વાણી સાંભળતો નહીં. **રોહિણેય ચોરના પપ્પા રોહિણેય ચોરને કહે છે.**

૫. ત્રિપૃષ્ઠ આ અવસર્પિણીના પ્રથમ વાસુદેવ છે. **દેવતાઓએ ઘોષણા કરી.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. હું શુદ્ધ **આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો, કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ** કર્યો.

૨. મૃત્યુ **ટાણે મમતાના કોઇ બંધન ન અકળાવે, ખમી-ખમાવી દેહ વોસિરાવી, આતમ આરાધના** થાયે.

૩. ચોવીસે **જિનના, સઘળા એ ગણધર, ચૌદસો ને બાવન તે પ્રણમું** સુખકાર.

૪. મેં પરભવે **કે આ ભવે, પણ હિત કાંઈ કર્યું નહિ, તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો** નહિ.

૫. ભાવથી **કરતા પ્રતિક્રમણથી કર્મની કોટિ ખપાય, કરતા કરતા કોક સમયે ભાવ શુદ્ધિ** થઈ જાય.

૬. હે ભંતે **આપની આજ્ઞા અમે પાળીશું, વાણીનો વિવેક અમે જાળવીશું, હિત અમે** બોલીશું.

૭. હિંસા **અસત્ય, ચોરીથી દૂર મારે રહેવું છે, મનલાયક ન થાય તો લેટ ગો** કરવું છે.

૮. આતમની **અણાહારકતાને, નજર સામે ધરજે, સંકલ્પ એવો કરીને પ્રભુ જેવો** બનજે.

૯. જ્ઞાનીજનોના **મુખેથી ભક્તિના ગુણો ગવાયા છે, ભક્તિગુણથી શોભતા, સુલસાજી** સવાયા છે.

૧૦. ના ના ના રે **કપટ કદી કરાય ના, નાગશ્રી કહે સૌને કપટ કરી સંસાર** વધારાય ના.